

# વિષય : ગુજરાતી વિષયમાં કાચા વિદ્યાર્થીઓને પાકા કરવાના ઉપાયો અને તેના પરિણામો

**નયનાબેન જી. પટેલ**
(સુપરવાઈઝર પ્રા. વિભાગ)

**પ્રસ્તાવના :** અમારી શાળાના ડાયરેક્ટર શ્રી. ડૉ. ભગુભાઈ આઈ. પ્રજાપતિ સરનું સૂત્ર છે. “કાચા ને પાકા કરો, પાકાને પારંગત કરો“ અભ્યાસમાં કાચા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન, સરળ ઉપાયો અને સતત પ્રોત્સાહન આપવામાં આવે તો તેઓમાં આત્મવિશ્વાસ વધે અને અભ્યાસનો દ્રષ્ટિકોણ સકારાત્મક બને.

❖ **શબ્દોનું અર્થઘટન :**

- ગુજરાતી વિષયમાં જે વાંચન લેખન કરી શકતા નથી તે વિદ્યાર્થીઓ જાતે વાંચન લેખન કરી શકે તે રીતે તૈયારી કરવા.

❖ **વિષયની પસંદગી :**

- શાળામાં આવતા દરેક વિદ્યાર્થી જે શિક્ષણ મેળવે છે તેની સમજણ સાથે જીવન વ્યવહારમાં તેનું જ્ઞાન ઉપયોગી બને એ જરૂરી છે.
- વાંચન લેખન આવડશે તો અભ્યાસમાં રુચિ જાગશે.
- અન્ય વિષય જેવા કે પર્યાવરણ, સા.જ્ઞાન, કોમ્પ્યુટર પણ સમજશે.
- પરીક્ષામાં પરિણામ સારું આવશે.
- વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધશે.

❖ **વિષયની પસંદગી કઇ રીતે :**

- વાર્ષિક પરિણામ તૈયાર થાય ત્યારે કયા વિદ્યાર્થીનું પરિણામ નબળુ છે તે જાણવું
- શૈ.કાર્ય દરમ્યાન વિદ્યાર્થીને વ્યક્તિગત વાંચન કરાવતા તે અટકી અટકી વાંચે
- શબ્દોનું ઉચ્ચારણ અને લેખન ભૂલ ભર્યું

❖ **સંશોધન માટે નમૂના :**

- ગુજ. મા. ના ધો. ૪ ના ૧૨ વિદ્યાર્થીઓ ની પસંદગી.
- બારાક્ષરી તથા તેને અનુરૂપ શબ્દોનું વાંચન લેખન.
- શૈક્ષણિક કાર્ય દરમ્યાન પાઠ વાંચન કરાવવું, સાચી જોડણીના શબ્દો લખાવવા.
- સમયાંતરે ૨૫ ગુણની પૂર્વકસોટી અને ઉત્તરકસોટી

❖ **સમસ્યા સંભવિત કારણો :**


- અક્ષરજ્ઞાન, શબ્દજ્ઞાન પૂરતુ ન હોવાને કારણે
- માતા-પિતા તરફથી અભ્યાસ માટે સહયોગ કે માર્ગદર્શન મળવું.
- ઘરમા ગુજરાતી ભાષાનો ઉપયોગ ઓછો થતો હોય

❖ **સંશોધન માટેની પ્રક્રિયા :**

- દરરોજ વિદ્યાર્થીને અભ્યાસમાં તેની જે કચાશ છે તે અનુરૂપ ગૃહકાર્ય આપી બીજે દિવસે તપાસવુ.
- વાંચન બિલકુલ ન આવડતા વિદ્યાર્થીના વાલી સાથે મુલાકાત કરી
- વ્યક્તિગત કાઉન્સેલિંગ કરી તેમની સારી બાબતોની સરાહના કરી
- વિદ્યાર્થીને સોપેલ કાર્યમાં તેમનો સુધારો થતા સમૂહમાં તેમને ભેટ અને તાળીઓથી અભિવાદન કરીને પ્રોત્સાહિત કર્યો.

❖ **કસોટી દ્વારા ચકાસણી :**

- જોડણીની ભૂલો ઓછી થઇ , શબ્દ શુદ્ધિ વધતી ગઇ.
- વિષય પ્રત્યે રુચિ જાગી સમજ પડતી થઇ.
- નિયમિત અભ્યાસ કરવા તૈયાર થયા.
- સમાનાર્થી , વિરોધી શબ્દો કરાવતા શબ્દભંડોળ વધતું ગયુ.




❖ **પરિણામ :**

- વિદ્યાર્થી આત્મવિશ્વાસુ બન્યા.
- જેમને મૌખિક લેખન ન આવડતુ હતુ તે લખતા થઇ ગયા.
- વર્ગખંડમાં પ્રશ્ન પુછતા થયા.
- પરીક્ષામાં સરાસરી આંક ઊંચો આવ્યો.
- શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધી.

❖ **તારણો :**

- વાંચન , લેખન અને શબ્દભંડોળ વધે છે.
- અભ્યાસ પ્રત્યે સકારાત્મક વલણ વિકસે છે.